
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડિયર... ચાલ આપણે બીલ ચૂકવીને ઘરે જઈએ... એવું લાગે છે કે આપણે આમને સામને કમ્ફર્ટ ફીલ નથી કરતા... વોટ્સએપ પર દિલની વાત કરીશું...!!

# સંસ્કૃતિ કુંજ ખાતે ર ૪મીથી વસંતોત્સવ

વસંત પંચમીનું આગમન એટલે ઋતુ પરિવર્તનનો અહેસાસ ઋતુઓના આ પરિવર્તનને ઉત્સવમાં પરિવર્તિત કરવા રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ હમેંશા અગ્રેસર ભુમિકા ભજવે છે. પાનખરને વિદાય આપી ગ્રીષ્મની વધામણી કરવા વસંત મહોત્સવ શિરમોર રાષ્ટ્રીય કાર્યક્રમ છે. દેશના ભિન્ન ભિન્ન રાજયોની લોકકલા અને સંસ્કૃતિનું ગુજરાતને કલા કસબનું આદાન પ્રદાન કરાવનાર આ ભાતિગળ કાર્યક્રમનું ભરચક કલા રસિકોની હાજરીમાં મંથન કરવામાં આવે છે.

છેલ્લા ૨૨ વર્ષથી યોજાતા વસંતોત્સવ ગાંધીનગર માટે અમુલ્ય નજરાણું છે. આગામી તા.૨૪/થી ૧૦/૦૩/૧૮ સુધી કમિશનર કચેરી, રમતગમત, યુવા અને સાંસ્કુતિક પ્રવૃત્તિઓ વિભાગ અને વેસ્ટઝોન કલ્ચરલ સેન્ટર ઉદેપુરના સંયુકત ઉપક્રમે સંસ્કૃતિકુંજ ગાંધીનગરના પ્રાકૃતિક સૌંદર્યથી એવા આબડખુબડ કોતરોની મધ્યમાં વસંતોત્સવ, તુરી બારોટ કલાકારોની શિબિર અને આદિજાતી મહોત્સવ રંગેચંગે ઉજવાય છે. ૫૦૦ જેટલા કલાકારો દ્વારા આ મહોત્સવનું નિદર્શન થાય છે. વસંતોત્સવમાં દેશના જુદા જુદા રાજ્યોમાથી ખ્યાતી પ્રાપ્ત ૧૮ જેટલા કલાવૃંદોને નિમંત્રયા છે. જેમાં રાજસ્થાનનું કાલબેલિયા અને ભપંગ વાદન, મહારાષ્ટ્રનું ધનગરી ગજા અને લેજીમ, ગોવાનું દેખણી, પંજાબનું ભાંગડા, ગિદ્દા ઉતરપ્રદેશનું ડેડિયા નૃત્ય, નાગપુરનું બરેડી અને આદિવાસી નૃત્ય, આસામનું બીહુ, પુંગ ઢોલ, ચિલમ, કલકતાનું ગોટીપુઆ, પુરૂલિયા મુખ્યત્વે છે. આ ઉપરાંત આદિજાતિ કલાવૃંદોમાં રોજેરોજ બનાસકાંઠાનું જગજવેરા નૃત્ય, છોટા ઉદેપુરનું રાઠવા નૃત્ય, નર્મદાનું આદિજાતી લગ્ન નૃત્ય ડાંગનું કહાડિયા નૃત્ય, દાહોદ તાપીનું આદિજાતી નૃત્ય તથા ભરૂચ જિલ્લાનું સિદ્દી ધમાલ નૃત્યનું રસપાન કરવામાં આવશે.

ગુજરાતનો છેલછબિલો છડીદાર, રઢિયાળા તુરી બારોટ સમાજની વાત પણ નિરાલી છે. લુપ્ત થતી આ લોક ભોગ્ય કલાને જિવંત રાખવા દર વર્ષે આ કલાકારોની લોક ગયકી, લોક સાહિત્ય, લોક સંગીતની ઝાંખી કરાવવામાં આવે છે. કચ્છી ઘોડી, મેવડો લોક નૃત્ય, ભવાઈ, વેરાડી ઝુલણા, સળગતો ગરબો, હાથીનો વેશ, રાવણ હથ્થો, ઢોલ, મહિસાસુરનો વધ અને સનેડો મુખ્યત્વે છે.



સંત તો સંત જ હોય છે. સંતોને દેશકાળ સાથે સંબંધ હોતો નથી. ગાંધીનગર સાંઈ ભક્ત મહિલા દ્વારા વેલેન્ટાઈન ડે નિમિત્તે સંત વેલેન્ટાઈનની સ્મૃતિમાં સંત સાંઈ બાબાને સેક્ટર-૩૦માં આવેલા સાંઈ મંદિરમાં કેકની પ્રસાદી ધરવામાં આવી હતી. શ્રી સાંઈ બાબા સમાધિસ્ત થયા તેને ઓક્ટોબર ૨૦૧૮માં સો વર્ષ પૂર્ણ થશે. જે નિમિત્તે સાંઈ સંસ્થાન દ્વારા ભવ્ય ઉજવણી કરવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

# સિવિલમાં ખાનગી એમ્બ્યુલન્સ ઝડપી મળી જાય છે...!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલનો તાત્કાલીક વિભાગ દર્દીઓથી ભરાયેલો જોવા મળે છે. જેમાં કેટલાક દર્દીઓને વધુ સારવાર માટે અમદાવાદ મોકલવામાં આવે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં આંતરે દિવસે એમ્બ્યુલન્સ નથી તેમજ એમ્બ્યુલન્સ હોય તો ડ્રાઈવરના ડખા સર્જાયેલા હોય છે. ત્યારે સિવિલનો સરકારી ડ્રાઈવર પોતાની એમ્બ્યુલન્સ ભાડે આપવાનો વેપાર પુરજોશમાં કરી રહ્યો છે. જેને પગલે સિવિલના અન્ય ડ્રાઈવરો પર વધારાની જવાબદારીનો બોજ પડે છે.

ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતો એક ડ્રાઈવર કોઈ પણ અધિકારનું કે તંત્રનું માનતો ન હોય તેવું લાગી રહ્યું છે. ડ્રાઈવર ચાલુ ફરજે પણ ગુલ્લી મારતો હોવાનું પણ સામે આવ્યું છે. સિવિલમાં ફરજ બજાવતો ડ્રાઈવર નોકરીની સાથે પોતાની એમ્બ્યુલન્સ ભાડે આપીને રોકડી કરતો હોવાનું પણ સિવિલના અંતરંગ સુત્રોમાંથી ધ્યાને આવ્યું છે. જયારે સરકારી ડ્રાઈવર પોતાના વાહનમાં જ રસ રાખતો હોવાથી અન્ય ખાનગી એજન્સીના ડ્રાઈવરોને ડબલ ડયુટી કે ઓવરટાઈમ કરવાનો વારો આવે છે. સિવિલમાં તાત્કાલીક વિભાગમાં એમ્બ્યુલન્સ અને ડ્રાઈવરની અછતને પગલે કેટલીકવાર તાત્કાલીક વિભાગમાં હંગામા પણ જોવા મળ્યા છે. સરકારી નિયમ છે કે ડ્રાઈવર રજા ઉપર જાય તો ચાર્જ અન્ય કર્મચારીને આપવામાં આવે છે. પરંતુ આ કર્મચારી પોતાનો ચાર્જ પણ કોઈને આપ્યા વિના જતો રહે છે. જયારે નિયમ મુજબ ડ્રાઈવર હેડ કવાટર્સ છોડવાનું હોય તો પણ મંજુરી લેવી પડતી હોય છે. ત્યારે સિવિલના નિયમ નેવે મુકીને બેરોકટોક કરતા કર્મચારી સામે લાલ આંખ કરવી જરુરી બન્યું છે.



# પેથાપુરના મુલચંદ પાર્કમાં પાણીના ધાંધિયાથી નાગરિકો હેરાન પરેશાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરથી પાંચ મિનિટના અંતરે આવેલ પેથાપુર ગામમાં પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે. ઉનાળાના પ્રારંભે જ પાણીનો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. પેથાપુરના મુલચંદ પાર્કમાં ઓછા ફોર્સથી પાણી આવે છે તેમજ પાણીની નિયમિતતા જળવાતી નથી. જેથી રહીશોને નળ સામે બેસીને પાણી આવે તેની રાહ જોવી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. પાણીના પ્રશ્નને લઈ મુલચંદ પાર્કના રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે.

ઉનાળાના પ્રારંભે જ પેથાપુર ગામમાં પાણીનો પ્રશ્ન નાગરીકોને સતાવી રહ્યો છે. જો કે ગામના મુલચંદ પાર્ક વિસ્તારમાં જ પાણી ઓછા ફોર્સથી તેમજ જરુરીયાત જેટલુ મળતુ નથી તેવું રહીશો કહી રહ્યા છે. પેથાપુર નગર પાલિકા તંત્રને રહીશોએ ફરિયાદ કરતા તંત્ર છેલ્લા બે મહિનાથી મુલચંદ પાર્ક વિસ્તારમાં ટેકનીકલ ખામીને કારણે પાણી ઓછા ફોર્સથી તેમજ નિયમિત મળતું નથી ટુંક સમયમાં મળી રહેશે તેવું જણાવવામાં આવે છે. પરંતુ આ પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ તંત્ર દ્વારા લાવવામાં આવતો નથી. ત્યારે રહીશોએ પાણીના નળ સામે બેસીને પાણી કયારે આવશે તેની કાગડોળે રાહ જોવી પડે છે. પાણી નિયમિત ના આવતા રહીશોને રાત્રી ઉજાગરા કરવાની પણ ફરજ પડે છે. જયારે પાણી જરુરીયાત કરતા પણ ઓછુ હોવાથી પાણીનો કકળાટ વધી જવા પામ્યો છે.

નર્મદામાં પાણીનો પ્રવાહ ઘટી ગયો હોવાની વાત પ્રકાશમાં આવ્યા બાદ આગામી ઉનાળો નગરજનો માટે વધુ આકરો પુરવાર થાય તેવા એંધાણ છે. ત્યારે શહેરી વિસ્તારમાં પાણીના ઉપયોગમાં કાપ મુકવામાં આવે તેવી પ્રબળ શકયતા છે. આવા સંજોગોમાં નગરપાલિકા વિસ્તારમાં પણ અત્યારથી જ પાણીનો પોંકાર ઉઠવા પામ્યો છે. શહેરને અડીને આવેલા પેથાપુર વિસ્તારમાં સ્થિત મુલચંદ પાર્કમાં છેલ્લા બે મહિનાથી પાણીનો કકળાટ પ્રબળ બન્યો છે. આ વિસ્તારમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય નહીં કરવામાં આવે તો અગામી દિવસોમાં બેડા યુધ્ધની સ્થિતિ સર્જાય તેવી વકી છે. ત્યારે તંત્ર દ્વારા મુલચંદ પાર્કમાં યોગ્ય ફોર્સથી પાણી આપવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# લાયન્સ ક્લબ ગાંધીનગરની પ્રેરણાથી મેડીકલ કોલેજને દેહદાન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૩-બી નિવાસી સ્વ. બળદેવદાસ મોદીનું ૮૩



વર્ષની વયે અવસાન થતા તેમના પુત્ર વિરેન્દ્ર મોદી દ્વારા લાયન્સ ક્લબના સહયોગથી દેહદાન તથા ચક્ષુદાન લેવામાં આવ્યુ હતુ. સદ્‌ગતનું દેહદાન મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓના વિશેષ અભ્યાસ માટે ગાંધીનગર સરકારી મેડીકલ કોલેજમાં આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં દાન કરવામાં આવ્યા છે. આ સમાજોપયોગી કાર્યની જુનિયર સીટીઝન કાઉન્સિલ, ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ તથા લાયન્સ ક્લબ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ નિમેષ રાવલ દ્વારા સરાહના કરવામાં આવી હતી. સમાજના અન્ય લોકોને દેહદાનની પ્રેરણા આપવા બદલ લાયન્સ ક્લબે સમગ્ર મોદી પરીવારનો આભાર માન્યો હતો.

# સેવાભાવી યુવાનો દ્વારા મહા શિવરાત્રીની અનોખી રીતે ઉજવણી

### ‘નો નેઈમ ચેરિટી’માં અમદાવાદ ઉપરાંત ગાંધીનગરના સેવાભાવી યુવાનો કાર્યરત

### ગરીબ બાળકો અને વૃધ્ધાશ્રમના વડીલો માટે યુવાનોની વિવિધ પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૧૪

મહાશિવરાત્રિના પાવન દિવસો ગાંધીનગરમાં નગરજનોએ પોતપોતાની રીતે પર્વની ઉજવણી કરી હતી. મોટાભાગના નાગરિકોએ આ ધાર્મિક પર્વ હોવાથી ભક્તિપૂર્ણ ધાર્મિક ક્રિયાકર્મો થકી મહા શિવરાત્રી ઉજવી પરંતુ ગાંધીનગર તથા અમદાવાદના કેટલાક સેવાભાવી યુવાનોએ આ પર્વને અલગ જ રીતે ઉજવ્યું હતું. આ યુવાનોએ સમગ્ર દિવસ સેકટર-૧૯ ખાતેના સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકો સાથે વિતાવ્યો હતો અને તેમની સાથે વિવિધ રમતો રમી, ડાન્સ-ગરબાંની મોજ કરવા સાથે ૪૫ બાળકોને રમતગમતના સાધનો, નવા કપડાં, દવાઓ, શૈક્ષણિક કીટ ભેટ આપી તેમને પીઝા સાથેના ભોજનનો આનંદ કરાવ્યો હતો.

“નેકી કર ઔર દરિયા મે ડાલ’. સિદ્ધાંતમાં માનતા “નો નેઈમ ચેરિટી” ગૃપના યુવા સભ્યોએ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકો માટે મહા શિવરાત્રીનું પર્વ યાદગાર બનાવી દીધુ હતુ. યુવાનો આ બાળકો સાથે ક્રિકેટ મેચ, ફુલરેકેટ જેવી રમતો રમ્યાં હતા. તેમજ બાળકોને ડાન્સ અને ગરબાંની મોજ કરાવી હતી. આ યુવાનોએ બાળકોને વૉટર બૉટલ, વેપોરાઈઝર મશીન, રમતગમતના સાધનો, અભ્યાસને લગતી ચીજવસ્તુઓ, ફળો, કપડાં તેમજ દવાઓ જેવી ચીજવસ્તુઓની ભેટ આપી હતી. આ ઉપરાંત તેમણે અંતમાં બાળકોને શહેરની જાણીતી પીઝા ફ્રેન્ચાઈઝી રેસ્ટોરન્ટ ખાતે ભરપેટ ભોજન પણ કરાવ્યું હતું. યુવાનોની આ સેવા પ્રવૃત્તિની સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમના સંચાલકો તથા શહેરીજનોએ પ્રસંશા કરી હતી.






ધોળેશ્વર મંદિરે સેવા યજ્ઞ : મહાશિવરાત્રીના પાવન પર્વે કેનેરા બેંક દ્વારા ભાવિકોને છાશ વિતરમ કરાયું હતું. મહાશિવરાત્રીના ઉપવાસના પગલે ભાવિકોએ પણ ઉમળકાથી છાશ પીધી હતી. છાશ વિતરણ કાર્યક્રમમાં મધુર ડેરીના મેનેજિંગ ડીરેક્ટર શ્રી રોહિત મહેતા અને કેનેરા બેંકના વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન સેંકડો ભાવિકોએ મધુર ડેરીની છાશ પ્રસાદ સ્વરૂપે લીધી હતી. સમગ્ર સેવા યજ્ઞને આસપાસના વિસ્તારોમાંથી દર્શને આવેલા ભાવિકોનો સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો હતો.

# રાજયપાલશ્રીની મુલાકાત લેતા મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં મંત્રીમંડળના સભ્યો બુધવારે સાંજે રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીજીની મુલાકાત લીધી હતી. વિધાનસભા સત્રના પ્રારંભે ઉદ્‌બોધન કરવા મુખ્યમંત્રીશ્રીએ નિમંત્રણ આપ્યું હતું. સાથો સાથ રીનોવેટેડ વિધાનસભા સંકુલનું ઉદ્‌ઘાટન કરવા માટે પણ મુખ્યમંત્રીએ રાજયપાલશ્રીને નિમંત્રિત કર્યા હતા. આ સમયે મંત્રીમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## લીયો ક્લબ દ્વારા સેક્ટર-૧૫ ખાતે ટ્રાફિક અવેરનેસ અંતર્ગત સેમિનાર યોજાયો

લીયો ક્લબ ઓફ ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા સેકટર-૧૫ની વી.પી.એમ.પી. પોલિટેકનિક ખાતે ‘ટ્રાફિક અવેરનેસ તથા ડ્રાઈવ સેફલી’ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં ગાંધીનગર ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટર ભાર્ગવ વ્યાસે વિદ્યાર્થીઓને લાયસન્સની પ્રાથમિક બાબતો તથા માર્ગ સલામતી વિશે વિડિયો બતાવીને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. વાહન ચલાવતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની માહિતી પણ વિડિયો ક્લીપ દ્વારા આપવામાં આવી હતી. સેમિનારમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તથા તેમને સલામતીના અંગેના સૂત્રોવાળાં પેમ્ફલેટ્સ પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં લીયો ક્લબના પ્રમુખ મૌલિક પ્રજાપતિ, ભૂતપૂર્વ પ્રમુખ નિખિલ સોની, ઋત્વિક પટેલ તથા પોલીટેકનિકના આચાર્ય આનંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ ખાતે આવેલ મધ્યસ્થ લાયબ્રેરીમાં રોજ ઉઠતી ફરિયાદોને પગલે મનપાના કોર્પોરેટર નાજાભાઈ ધાંધરે મુલાકાત લીધી હતી. અને વાંચ માટે આવેલા ઉમેદવારોને શુ શુ તકલીફ પડે છે તેની પૂછપરછ કરી લાયબ્રેરીના અધિકારીઓ સાથે લાયબ્રરીને સ્પર્શતા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી યોગ્ય કરવા સુચન કર્યુ હતુ. જ્યારે અધિકારીઓના ટોઈલેટ સાફ સુથરા હતા. જ્યારે વાંચન માટે આવતા વિદ્યાર્થીઓના ટોઈલેટ ગંદા હોવાથી સફાઈ માટે પણ ફરિયાદ કરી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# વેલેન્ટાઈનની ઉજવણીમાં લાલ ગુલાબની સુવાસ પ્રસરી

### આર્ટિફિશ્યિલ આર્ટિકલ્સ કરતા તાજા ફૂલો પર પ્રેમી યુગલોનો ઝોક વધુ રહ્યો : કેક અને ચોકલેટ્સનું વેચાણ વધ્યુ : છુપા રહેવા માંગતા યુવાનોએ ‘ઓનલાઈન’ ખરીદીનો વિકલ્પ વધુ અપનાવ્યો

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં આજે પ્રમીજનોએ વેલેન્ટાઈન ડે ની સ્નેહભરી ઉજવણી કરી હતી. આ વખતે ફરી એકવાર બજારમાં અનેક આકર્ષક વેલેન્ટાઈન ડે સ્પેશિયલ આર્ટિકલ્સ ઉપલબ્ધ હોવા છતાં તાજા લાલ ગુલાબનું વેચાણ સૌથી વધુ રહેવા પામ્યુ હતુ. જે દર્શાવે છે કે પ્રેમની અભિવ્યક્તિ માટે રેડરોઝને પ્રેમીજનો સૌથી વધુ પસંદ કરી રહ્યા છે. જો કે છુટા ગુલાબથી માંડીને મોટા બુકે સહિત વેલેન્ટાઈન આર્ટિકલ્સમાં ‘ઓનલાઈન’ ખરીદી પણ સારા એવા પ્રમાણમાં થવા પામી હતી. આ ઉપરાંત હાર્ટશેપ ચોકલેટ અને કેક પણ વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં ઈન ડિમાન્ડ રહેવા પામ્યાં હતા. શહેરની રિસોર્ટસ પર ડાન્સ એન્ડ ડિનર પાર્ટીઓ પણ યોજાઈ હતી અને રેસ્ટોરન્ટ્સ પર ડિનર માટે ભીડ જોવા મળી હતી.



પ્રેમની અભિવ્યક્તિ કરવા માટે વપરાતા લાલ ગુલાબે આ વર્ષે પણ ટોપ પર રહીને બાજી મારી હતી. વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે પોતાના પ્રિયપાત્રને રાજી કરવા માટે નાગરિકોએ તાજા લાલ ગુલાબથી માંડીને આર્ટિફિશીયલ રેડ રોઝ તથા બુકે પર પોતાની પસંદગી ઉતારી હતી. શહેરના શોપીંગ સેન્ટરોમાં તથા સર્કલો પાસે ફેરિયાઓ લાલ ગુલાબ વેચતા જોવા મળ્યા હતા. છુટક ગુલાબ ૩૦ થી ૫૦ રૂપિયામાં, ફૂલોના બન્ચ ૪૦ થી ૧૫૦ રૂપિયામાં તથા ફૂલોના બુકે ૧૦૦ થી ૧૫૦૦ રૂપિયામાં પ્રમીયુગલો ખરીદતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત, ઓનલાઈન પણ ફૂલોનું ધૂમ વેચાણ થયુ હતુ. યુવાવર્ગમાં પરિવારથી છુપાવીને પ્રિયપાત્રને ગીફ્ટ આપવાની નીતિને પગલે ઓનલાઈન શોપિંગ હોટ ફેવરિટ બનવા પામ્યું હતું.

વેલેન્ટાઈન ડે નિમિત્તે શહેરના બજારોમાં પ્રમીયુગલો માટે અવનવી ગીફટ આર્ટીકલ્સ જોવા મળ્યા હતા. જેમાં હાર્ટશેઈપ કીચેઈન, ટેડી શેઈપ કીચેઈન, રેડિયમ કપલ શો પીસ, ગોલ્ડન રોઝ, હાર્ટશેઈપ ફોટોફ્રેમ, રોઝ વીથ ડોલ તથા ટેડી બુકે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ ઉપરાંત, હાર્ટ શેઈપ ચોકલેટ્સ અને સ્પે. ચોકલેટ કેક્સ પણ ડિમાન્ડમાં રહી હતી. વેલેન્ટાઈન્સ ડે અગાઉ બે દિવસથી બજારમાં ખરીદીનો પ્રારંભ જોવા મળ્યો હતો તથા વેલેન્ટાઈન ડેની સાંજે ગીફ્ટ આર્ટીકલ્સની દુકાનોમાં યુવા હૈયાઓની ભીડ જોવા મળી હતી.

## સાંજ સુધીમાં ગુલાબનો સ્ટોક પુરો

શહેરમાં ફૂલોનો વ્યવસાય કરતા અંબિકા ફ્લાવર્સના વિનોદભાઈ રામીએ જણાવ્યું હતું કે ‘સવારથી જ લાલ ગુલાબની માંગ રહેવા પામી હતી અને કોલેજિયન યુવાનોએ છુટા ગુલાબ અથવા તેના બન્ચ વધુ ખરીદ્યા હતા. જ્યારે પરિણિત ગ્રાહકોએ બુકેની ખરીદી વધુ કરી હતી જેમાં લાલ ગુલાબ સાથે હાર્ટશેપ ગોઠવણીને પસંદ કરવામાં આવી હતી. સાંજ સુધીમાં લાલ ગુલાબનો સ્ટોક ખુટી પડવા પામ્યો હતો. ઓનલાઈન ફૂલ બુકેનો વ્યવસાય કરતા હાર્દિક રામીએ જણાવ્યું હતું કે ‘આ વર્ષે ઓનલાઈન ઓર્ડરમાં વધારો જોવા મળ્યો હતો.’